Vol.04 | AUGUST - 2020

ટુડેઝ ફેક્ટ સમાચાર

Issue No.: 07 • Pages : 24 • Total Issue.: 43 • Price : ₹15/-

આપની આવક ખૂબ જ વધારે હોય અને આપ આવકની વહેંચણી કુંટુંબના સભ્યોમાં કરવા માંગતા હો તો થોભો....

- CA KARIM LAKHANI

taj Sharbat Since 1953

AJ New Anmol Jewellers

jadeed

ALIF GOLD PALACE

VISIT…

ALIF
GOLD PALACE

9824641965
Join Us on Whatsapp For Latest Collection Update

Juhapura, Ahmedabad

Latest
Wedding Collection
For Your Beautiful Princess

We Give
The Purity
Gold, Silver &
Diamond
Ornaments



JOIN US ON SOCIAL MEDIA

Join Us on

TODAYS MEDIA

₹ 99/-

GRAPHICS DESIGN

BUSINESS DESIGN | PRODUCT DESIGN | ADVERTISEMENT DESIGN | SOCIAL DESIGN

ALL TYPES OF GRAPHICS DESIGN WORK

Image You Can Share it on All Your Social Media Platforms.

paytm Contact : M:+91-9033302074

TAJ PIYO KHUL KE JIYO...

taj Sharbat Since 1955

MOUTH WATERING 56 FLAVOURS

SERVE WITH

WATER MILK SODA

FOR TRADE INQUIRY CALL:

9825559786

TAJ sharbat are manufactured by best materials in latest hi tech & hygienic plant

Iqbalbhai Soni

AJ Since 1984

ન્યુ અનમોલ જ્વેલર્સ

LATEST SHOWROOM IN THE HEART OF SHAH E ALAM

We Give The Purity Gold & Silver Ornaments

સોનાના સેટ, વિંટી, બુટ્ટી, પેન્ડલ, ચેન, લકી, કાનસેર, પેન્ડલ સેટ, બંગડી, પાટલા, બાલી અને કાંટી તૈયાર તેમજ ઓર્ડર મુજબ બનાવી આપવામાં આવશે.

M: 7777997707

Address: Nr. Ansari Hotel, Opp. New Era School, Shah E Alam Darwaja, Ahmedabad

અમારે ત્યાં ૯૧૬ હોલમાર્ક ના દાગીના તૈયાર મળશે તેમજ ઓર્ડર મુજબ બનાવી આપવામાં આવશે.

EID
MUBARAK
& Best Wishes
SAYA PAPER PRINT
Sabirbhai Kabli
M.: +91-93270 77770
Rafiqbhai Kabli
M.: +91-98245 39134
Sohebbhai Kabli
M.: +91-99240 57727
OFFICE
670, Kadwasheri,
Near Trikamji's Mandi, Astodia,
Ahmedabad-380001. Gujarat, INDIA.
FACTORY
Nr. Khodiyar Mandir, Sarkhej-
Sanand Road, Shantipur Village,
Ahmedabad-(Gujarat) India.
Saya Paper Print PVT.LTD.
Phone: 7817947770, 7819097770
web: www.sayaprint.com
E-mail: info@sayaprint.com | rafikkabli@yahoo.com | sayaprint-2007@gmail.com
04 AUGUST 2020
દુકેઝ કુેસ વ્યવહાર

કામ ઘણુ છે પરંતુ પૂર્ણ કરવા માટે સમય નથી તેમ લોકો કહેતા રહે છે

વધુ કામ વચ્ચે પણ ખુશી શોધી શકાય

આધુનિક સમયમાં આ સમસ્યા સામાન્ય બની ગઇ છે : રજામાં લોકો આરામને મહત્વ આપે છે પરંતુ હવે આ પણ શક્ય નથી જ

તેમની પાસે કામ ખુબ છે પરંતુ આ કામને પૂર્ણ કરવા માટે તેમની પાસે હવે સમય નથી તેમ કહેતા લોકોને આપણો વારંવાર જોઇ રહ્યા છીએ. પોતાના લોકોને આ વાત કરતા આપણો જોઇએ છીએ. તેમના માટે તો કામ માટે ૨૪ કલાકનો સમય પણ દિવસમાં ઓછો પડે છે. આજના દોરમાં આ સમસ્યા બિલકુલ સામાન્ય બની ગઇ છે. રજાઓના ગાળામાં તો આ સમસ્યા વધારે ગંભીર બની જાય છે. સામાન્ય રીતે રજાના દિવસોમાં લોકો આરામને મહત્વ આપે છે પરંતુ આજની ભાગદોડની લાઇફમાં તો આ બાબત પણ શક્ય બની શકતી નથી. રજાઓમાં જુદા જુદા સ્થળો પર લોકો ફરવા માટે નિકળી પડે છે પરંતુ આજના દોરમાં કેટલાક લોકો વધારે કામને મહત્વ આપે છે. રજામાં કાર્યક્રમાં જવાના, શોપિંગ કરવાની બાબત, સંબંધીઓને મળવાની બાબત અને અન્ય એટલા બધા કામ હોય છે કે આરામનો તો સમય પણ મળી શકતો નથી. હવે તો લોકો રજામાં પણ ખુબ વ્યસ્ત થઇ જાય છે. કામ ક્યારેય પૂરા થતા નથી. કેટલીક વખત તો એમ પણ લાગે છે કે વર્ષના દિવસો પણ ઓછા છે. જો તમે પણ કામના આટલા બોજથી પરેશાન છો તો તેના નિકાળ માટે કેટલાક રસ્તા રહેલા છે. આ તરીકાથી ભલે તમે કામના બોજને ઓછો કરી ન શકો પરંતુ ચિંતા વચ્ચે ખુશ રહી શકાય છે. બાળકો અને પત્નિને ખુશ રાખી શકાય છે. આના કારણે કામનો બોજ દરેક સમય પર એટલો ભારે લાગશે નહીં. આ વાત સારી રીતે સમજી લેવાની જરૂર છે કે તમામ બાબતો અને તમામ કામ એક સાથે એક સમયમાં પૂર્ણ કરી શકાશે નહીં. તમારી પાસે કરવા માટે કેટલાક કામ હોઇ શકે છે. પરંતુ તમે તમામ કામને કરી શકો નહીં. સારી અને આદર્શ બાબત એ છે કે એક વખતમાં એક જ કામ કરવામાં આવે તો શ્રેષ્ઠ રહે છે. તેના પર જ ધ્યાન આપી શકાય છે. આના કારણે તમામ કામ સારી રીતે સમય પર પૂર્ણ કરી શકાય છે. કામના બોજના કારણે હંમેશા ચિંતા રહે છે પરંતુ આ ચિંતાને દુર રાખવા માટેની પણ રીત છે. ખુબ વ્યસ્ત પળની વચ્ચે સમય કાઢીને પોતાના આસપાસના વાતાવરણ અને ચીજોને અનુભવ કરી શકાય છે. આના કારણે તમને કેટલીક નવી બાબતો શિખવાની તક મળી શકે છે. પોતાને વધારે સારી રીતે ચીજોને આગળ લઇ જવામાં આના કારણે મદદ મળી શકે છે. પોતાના માટે કેટલોક સમય કાઢવો જોઇએ. જાણકાર લોકોનું કહેવું છે કે એક વખત કોઇ કામની પસંદગી કરી લીધી તો તેના પર પૂર્ણ ધ્યાન આપવામાં આવે તો ફાયદો થાય છે. પોતાના કામને પૂર્ણ ઇમાનદારી સાથે કરવાથી લાભ થાય છે. જો તમે પોતાનું કામ કરતી વેળા બીજાના કામ અંગે વિચારણા કરશો તો તે વધારે હેરાનગતિ કરી શકે છે. માત્ર પોતાના કામ પર જ ધ્યાન આપવું જોઇએ. બીજાના કામ પર ધ્યાન આપવાથી આપનું કામ બગડી શકે છે. બીજી એક મહત્વપૂર્ણ બાબત એ છે કે હંમેશા વર્તમાનમાં રહેવાની ટેવ રાખવી જોઇએ. ખુબ વધારે કામ અને તમામ કામને પૂર્ણ કરવાની ઇચ્છા તમને ચિંતાની સ્થિતિમાં મુકે છે. આના બદલે તમારી સામે જે કામ છે તે કામને પૂર્ણ કરવા પર ધ્યાન કેન્દ્રિત કરવું જોઇએ. આપ જે કામ કરી રહ્યા છો તે કામ તે સમયે જ થઇ શકે છે. આ સમયમાં માત્ર આ જ કામ થશે તેવી મક્કમતા હોવી જોઇએ. આના કારણે તમને પરેશાની ઓછી રહેશે. આજની વાસ્તવિકતાને ખુશી સાથે સ્વીકાર કરીને આગળ વધવાથી ફાયદો થાય છે. એક સાથે અનેક કામ હાથમાં હોવાની સ્થિતિમાં સૌથી પહેલા એવા કામ કરવા જોઇએ જે વધારે મહત્વ અને પ્રાથમિકતા ધરાવે છે. આવા કામ પહેલા કરવા જોઇએ જે તમારી લાઇફને વધારે પ્રભાવી બનાવે છે. આવા કામ પર વધારે ધ્યાન પણ આપવું જોઇએ. પ્રભાવી કામ વહેલી તકે પૂર્ણ કરીને પોતાને થોડાક સમય સુધી આરામ પણ આપી શકાય છે. મહિલાઓ અને પુરૂષ આધુનિક સમયામાં વધારે મહેનત કરી રહ્યા છે. પતિ પત્નિ પણ એકબીજા માટે ખુબ ઓછો સમય હાલમાં કાઢી શકે છે તેવી સ્થિતિ સર્જાઇ ગઇ છે. કારણ કે મોંઘવારીના દોરમાં બન્નેને નોકરી કરવી પડે તેવી સ્થિતિ સામાન્ય રીતે રહેલી છે. બાળકોના શિક્ષણ અને સામાજિક જવાબદારીના કારણે ખર્ચ સતત આવતા રહે છે. આવી સ્થિતિમાં વધારે પ્રમાણમાં પૈસાની જરૂર પડે છે. કામ વધારે હોવા છતા તમામ લોકો પોતાના કામને પૂર્ણ કરવા માટે લાગેલા હોય છે. ઓછા સમયમાં વધારે પૈસા કમાવવા માટેની ટેવ દરેક વ્યક્તિ ધરાવે છે.

સારી નોકરી મેળવી લેવા ઇચ્છુક છો તો સાવધાન રહેવાની જરૂર

સોશિયલ મીડિયા સાઇટ પર સતર્ક રહો

હાલમાં જ કરવામાં આવેલા અભ્યાસમાં એવી બાબત નિકળીને સપાટી પર આવી છે કે જો તમે ફેસબુક પ્રોફાઈલ પર વિવાદાસ્પદ વિષયો પર કેન્દ્રિત વિચાર રજૂ કરવાની ટેવથી ગ્રસ્ત છો તો નોકરી મળવામાં પરેશાની આવી શકે છે. સાથે સાથે જો નોકરી કરો છો તો નોકરી જવાનો ખતરો પણ રહે છે. અમેરિકામાં પેનસિલ્વેનિયા સ્ટેટ યુનિવર્સિટીમાં અભ્યાસ હાથ ધરવામાં આવ્યા બાદ આ અંગેની રસપ્રદ માહિતી જારી કરવામાં આવી છે. શોધમાં સામેલ રહેલા લોકો માને છે કે જે લોકો સોશિયલ મીડિયા પર આત્મકેન્દ્રિત અથવા તો હટધર્મી હોય છે તેમને જોબ આપવા માટે ઇચ્છુક લોકો પસંદ કરતા નથી. ઇન્ટરનેશનલ જર્નલ ઓફ સિલેકશન એન્ડ એસેસમેન્ટમાં પ્રકાશિત કરવામાં આવેલા અભ્યાસમાં દાવો કરવામાં આવ્યો છે કે નોકરી આપનાર લોકો સોશિયલ મીડિયામાં નોકરી મેળવવા માટે ઇચ્છુક રહેલા લોકોના વર્તનને ધ્યાનમાં લેતા રહે છે. નકારાત્મક કન્ટેન્ટની સીધી અસર થાય છે. શોધ કરનાર લોકોએ ત્રણ નકારાત્મક વિષયના પ્રભાવમાં તપાસ હાથ ધરી છે. આત્મમુગ્ધતા, હટધર્મિતા અને આલ્કોહલ તેમજ ડ્રગના ઉપયોગ ભરતી કરનાર મેનેજરની નિર્ણય શક્તિ પર અસર કરે છે. અભ્યાસ કરનાર નિષ્ણાતોએ જુદી જુદી પ્રકારની સંસ્થાઓના ૪૩૬ હાયરિંગ મેનેજર્સને ચૂંટી કાઢ્યા હતા. જે પૈકી ૬૧ ટકા તો હોસ્પિટાલિટીમાં સામેલ હતા. બાકીના માહિતી પ્રસારણથી લઈને આરોગ્યના ક્ષેત્રમાં સક્રિય હતા. શોધ કરનાર લોકોએ દાવો કર્યો છે કે સોશિયલ મીડિયામાં આત્મમુગ્ધતાથી ઉમેદવારની રોજગાર લાયકાત પર માઠી અસર કરે છે. જોબમાં ભરતી કરનાર લોકોના દિમાગ પર ડ્રગ અથવા તો આલ્કોહલ કરતા હટધર્મિતા કરતા પણ વધારે અસર અને નકારાત્મક અસર આત્મમુગ્ધતાથી બને છે. શોધ કરનાર લોકો કહે છે કે સોશિયલ મીડિયા પર સામાન્ય રીતે દરેક વ્યક્તિને પોતાની વાત રજૂ કરવાની તક રહે છે. આધુનિક સમયમાં સોશિયલ મીડિયા સાઇટ્સ દરેક વ્યક્તિને તેના વિચારો રજૂ કરવા માટે પ્રેરિત કરે છે. આ રીતે માનવી આત્મમુગ્ધતાના ઇન્ક્યુબેટર બની જાય છે. અભ્યાસ કરનાર લોકોએ કહ્યું છે કે હાયરિંગ મેનેજર્સની નજરમાં જે વ્યક્તિ આત્મમુગ્ધ છે અને માત્ર પોતાની ઇચ્છા શક્તિ અંગે જ વાત કરતા રહે છે તેમની છાપ ખરાબ રહે છે. તેમના અંગે હાયરિંગ મેનેજર માને છે કે આ પ્રકારની વ્યક્તિ સંસ્થા અથવા તો તેમના અન્ય કર્મચારી અંગે વિચારણા કરી શકે તેમ નથી. સોશિયલ મીડિયાના વિવાદાસ્પદ વિચારને પ્રગટ કરવા માટે તમામને યોગ્ય મંચ આપ્યું છે પરંતુ સાવધાનીપૂર્વક ઉપયોગ કરવામાં આવે તે જરૂરી છે. જે લોકો વિભાજનકારી વિષય પર પોસ્ટ કરે છે જે વધારે તર્કશીલ હોય છે. સાથે સાથે ઓછા કોઓપરેટિવ હોય છે. આ પ્રકારના લોકો કોઈ એક જોબ માટે ઉમેદવાર તરીકે રિજેક્ટ થઈ શકે છે. નશાનો ઉપયોગ પણ ખતરનાક છે. ટીમે શોધી કાઢ્યુ છે કે આલ્કોહલ અને ડ્રગનો ઉપયોગ કરનાર સામગ્રી હાયરિંગ મેનેજર્સના દ્રષ્ટિકોણને પ્રભાવિત કરે છે. જો કે આત્મમુગ્ધતા અને હઠધર્મિતાની તુલનામાં તે ઓછી અસર કરે છે. શોધ કરનાર લોકોએ સલાહ આપતા કહ્યું છે કે કોઈ પણ વ્યક્તિને સોશિયલ મીડિયા સાઈટ્સ પર જોબ સર્ચ કરતી વેળા આત્મમુગ્ધતા, હટધર્મિતા અને શરાબ અથવા તો ડ્રગના ઉપયોગની ટેવ અંગે માહિતી આપવી જોઈએ નહીં. અભ્યાસ કરનાર ટીમના નિષ્ણાંતો દ્વારા ઉમેદવારોને એક બાબત આપી હતી. જેમાં કાલ્પનિક નોકરીના ઉમેદવારોએ સવાલના સારા જવાબ આપ્યા હતા. શોધ કરનાર લોકોએ ઉમેદવારોથી તેમના ફેસબુક પેજ અને પ્રોફાઈલના ઘટક તત્વોની સમીક્ષા કરવા માટે કહ્યું હતું. સાથે સાથે રોજગારની યોગ્ય રેટિંગ અંગે વાત કરી હતી. દરેક ઉમેદવારોને ૧૬ જુદી જુદી ફેસબુક પ્રોફાઈલ જોવા માટે તેમને કહેવામાં આવ્યું હતું. આખરે આ બાબતમાં વધારે મુશ્કેલી નડી હતી. આ તમામ તારણ બાદ શોધ કરનાર લોકો આ તારણ પર પહોંચી ગયા હતા. સોશિયલ મીડિયા પર સાવધાન રહેવાની હંમેશા જરૂર હોય છે. સોશિયલ મીડિયા પ્રોફાઈલ પર કોઈ કન્ટેન્ટ મુકતા પહેલા વિચારણા કરવાની જરૂર હોય છે.

એનિમેશન એટલે કે મુવમેન્ટ, વિષયના મુવમેન્ટ એટલે એનિમેશન...

એનિમેશનના ક્ષેત્રમાં કેરિયર બનાવો

જો તમે ક્રિએટિવ અને ઇમેજિનેશન મારફતે સારા ડ્રોઇંગ બનાવી શકો છો તો તમે એનિમેશના ક્ષેત્રમાં વહેલી તકે સફળતા મેળવી શકો છો

એનિમેશનની બોલબાલા આધુનિક સમયમાં વધી રહી છે. આ ક્ષેત્રમાં પણ શાનદાર કેરિયર બનાવી શકાય છે. આધુનિક સમયમાં મોટી સંખ્યામાં યુવક યુવતિઓ આ ક્ષેત્રમાં કેરિયર બનાવવા માટે આગળ વધી રહ્યા છે. જો તમે ક્રિએટિવ અને ઇમેજિનેશન સાથે સારા ડ્રોઈંગ બનાવી શકો છો તો એનિમેશનના ક્ષેત્રમાં વહેલી તકે સફળતા પણ હાંસલ કરી શકાય છે. હાલમાં જ રજૂ કરવામાં આવેલી અને વિશ્વમાં સફળતાના નવા રેકોર્ડ સર્જનાર ફિલ્મ એવેન્જર્સ એન્ડ ગેમ અથવા તો અલાદીન નિહાળી હશે. આ ફિલ્મોમાં દર્શાવવામાં આવેલા શાનદાર અને દિલધડક સીને તમામ ચાહકોને પોતાની તરફ આકર્ષિત કર્યા હતા. આ તમામ સીન ઈફેક્ટ એનિમેશન મારફતે બનાવવામાં આવ્યા હતા. ફિલ્મ બાહુબલી પણ રેકોર્ડ સફળતા મેળવી ગઈ હતી. ફિલ્મ બાહુબલીના સીનને પણ ક્રિએટ કરવા માટે એનિમેશનના પ્રયોગ કરવામાં આવ્યા હતા. આ સીનને બનાવવા માટે ફિલ્મ નિર્માતાઓ દ્વારા ૫૦૦૦ રૂપિયા પ્રતિ સેકન્ડના હિસાબે નાણાંની ચુકવણી કરવામાં આવી હતી. એનિમેશનની બોલબાલા છે ત્યારે એનિમેશન શું છે તે અંગે કેટલાક વાલીઓ અને યુવાનો પ્રશ્ન કરે છે. આનો જવાબ એ છે કે એનિમેશન એટલે કે મુવમેન્ટ. કોઈ વિષયને મુવમેન્ટમાં દર્શાવવાની બાબત એનિમેશન તરીકે છે. કોઈ ટેક્સ્ટ હોય કે પછી કાર્ટૂન પાત્ર હોય તેને મુવમેન્ટમાં દર્શાવવામાં આવે છે. એનિમેશન કેટલાક પ્રકારના હોય છે. જેમ કે ટુડી, થ્રી ડી એનિમેશન અથવા તો સ્ટોપ મોશન એનિમેશન હોય તમામ બાબત એનિમેશન સાથે જોડાયેલી છે. કોઈ પણ એનિમેશન પ્રોજેક્ટ પર કામ કરવા માટે સૌથી પહેલા પ્લાનિંગ હોય છે. ત્યારબાદ પેપર વર્ક કરવામાં આવે છે. તેના વગર એનિમેશન પ્રોજેક્ટ બની શકાય તેમ નથી. પ્લાનિંગ તથા પેપર વર્ક મારફતે મુવમેન્ટની ગણતરી કરવામાં આવે છે. એક એક સેકન્ડ માટે પ્લાન બનાવવામાં આવે છે. ત્યારબાદ એક્ચુઅલ વર્ક શરૂ કરવામાં આવે છે. જો કોઈ એનિમેશનમાં ડિપ્લોમાં કરે છે તો શરૂઆતમાં ૮૦૦૦થી લઈને ૧૫૦૦૦નો પગાર મળી શકે છે. જો તમારી પાસે અનુભવ છે તો પગાર વધીને ૨૮થી ૩૦ હજાર સુધી થઈ શકે છે. એનિમેશન એક ક્રિએટિવ ફિલ્ડ છે. જેથી જેની અંદર ક્રિએટિવિટી છે તે આ ક્ષેત્રમાં આગળ વધી શકે છે. સારા ડ્રોઈંગ, ઈમેજિનેશન અને ક્રિએટિવિટી હોય તે આ કામ સરળતાથી કરી શકે છે. આર્ટિસ્ટ હોવાની સાથે સાથે એક્ટર હોવાની બાબત પણ દરેક માટે જરૂરી છે. આ તમામ બાબત હોવાની સ્થિતિમાં જ તમે કેરેક્ટરના એક્સપ્રેશનને સારી રીતે સમજી શકશો. સાથે સાથે તે કઈ રીતે મુવ કરી શકે છે. દેશમાં અનેક સંસ્થાઓ છે જે એનિમેશન કોર્સ ચલાવે છે. જો વિદ્યાર્થી દેશની બહાર જઈને શિખવા માટે ઈચ્છુક છે તો કેલિફોર્નિયા, વેંકુવર, યુકે અને સિંગાપોરમાં પણ જઈ શકે છે. આ ચારેય જગ્યાએ દુનિયામાં એનિમેશન શિખવા માટે બેસ્ટ સ્થાન તરીકે છે. અહીંની સંસ્થાઓમાં પ્રવેશ મેળવી લેવા માટે વિદ્યાર્થીઓને એપ્ટીટ્યુડ ટેસ્ટ આપવાની જરૂર હોય છે. જે લાયક હોય છે તેમને પ્રવેશ આપવામાં આવે છે. એનિમેશનના ક્ષેત્રમાં કેટલીક સફળતા હાંસલ કરી શકાય છે. આ ક્ષેત્રમાં જોરદાર કેરિયર બનાવી શકાય છે. આધુનિક સમયમાં મોટા ભાગની સંસ્થાઓ એનિમેશનના ક્ષેત્રમાં આગળ વધવા માટે ઈચ્છુક દેખાઈ રહી છે. સાથે સાથે વિદ્યાર્થીઓને નવી નવી ટેકનોલોજી અંગે માહિતી આપવા માટે તૈયાર હોય છે. એનિમેશનના ક્ષેત્રમાં મોટી સફળતા મેળવી લેવા અને ઉંચા પગાર મેળવી લેવા માટે વ્યાપક અવકાશ છે. આજના સમયમાં યુવાનો અને મોટા ભાગની સંસ્થાઓ એનિમેશને પણ પુરતુ મહત્વ આપે છે. બોલિવુડમાં પણ એનિમેશનની બોલબાલા છે.

ટુડેઝ ફેક્ટ સમાચાર

TODAYS FACT SAMACHAR

વાંચો અને વંચાવો,
નવું જાણો, ઘણું માણો!



સમગ્ર પરિવાર માટે શિક્ષણ, આરોગ્ય, રમતો, તકનીકી, મુસાફરી, ખોરાક, જીવનશૈલી, ફેશન, ફિલ્મ, મનોરંજન, બાળકો, મહિલાઓ, વ્યવસાય, કારકીર્દિ, સફળતાનો જ્ઞાનખજાનો ખોલતું મેગેઝિન!

DOWNLOAD APP
CLICK HERE

ANDROID APP ON Google play

નિરાશ તેમજ હતાશ - નવા અને જુના રોગી પણ સારા થઈ શકે છે.

૧૦૦% આયુર્વેદિક સારવાર

૧૨ વર્ષ જુનો

થયા પછી તરત મળો

લકવો

ખેંચ-વાઈ ૩૮ વર્ષ જુનો

વાકું મોઢું, અકડેલા હાથપગ, ખાલી, અશક્ત શરીર

એપીક ક્લીનીક

સમય :
સવારે ૧૦થી ૨
સાંજે ૬ થી ૯

ડી-૩, સિલિકોન સિટી, સૈયદવાડી, વટવા, અમદાવાદ.

ડૉ.ખાન Mo.: 09784292802 / Mo.: 07737401314

ચહેરાનું સૌંદર્ય અને શરીરનું આરોગ્ય જાળવતા સ્વસ્થ દાંત

ડૉ. દાઈ હલીમા ઝૂલઝુલીયા (BDS), ધોરાજી

"તમારા દાંત તો દાડમની કળી જેવા છે", અથવા "તમારા દાંત મોતી જેવા ચમકે છે", કદાચ આજના સમયમાં આવા વાક્યો આપણે સાંભળતા નથી. આપણો અસંતુલિત અને અયોગ્ય આહાર, ખોરાક વિષેની આપણી કુટેવો, સિગારેટ અને તંબાકુ જેવા આપણાં વ્યસનો, અને સ્વચ્છતાના અભાવને લીધે આપણે ચહેરા પરના સૌથી સુંદર અને અગત્યના અંગ "દાંત" ની શોભા અને અગત્યતા ગુમાવી દીધી છે. આપણે ભૂલી ગયા છીએ કે દાંત એ માત્ર પાચનતંત્રનું સૌથી અગત્યનું અને સૌપ્રથમ અંગ જ નથી પરંતુ માનવીના ચહેરાની સુંદરતા વધારતું અને તેના ચહેરાને યોગ્ય આકાર આપતો શરીરનો એક ભાગ છે. તે માત્ર ચાવીને ખોરાકનું પાચન કરવામાં શરીરને મદદ કરતું નથી પણ તેનો યોગ્ય આકાર અને સ્વચ્છતા મનુષ્યના વ્યક્તિત્વને નિખારવામાં પણ સહાય કરે છે.

હા, પણ જ્યારે પણ દાંતનો દુખાવો શરૂ થાય અને ઘરગથ્થુ ઉપચારો પણ કારગત ન નીવડે ત્યારે આપણને દંત ચિકિત્સક (ડેન્ટિસ્ટ)ની યાદ આવે છે. ડેન્ટિસ્ટ એક એવા તબીબી નિષ્ણાત વ્યક્તિ છે જે આપણાં દાંત, પેઢાઅને મુખના પોલાણ વિશેનું જ્ઞાન ધરાવતા હોય છે. સામાન્ય માણસો દાંતની સારવાર કરવા માટે ડરતા હોય છે, તેનું મુખ્ય કારણ તેમનો માનસિક ભય હોય છે. આપણું મોઢું એ ખુબ જ સંવેદનશીલ સ્થાન છે અને માટે જ આવા સમયે એક યોગ્ય અને અનુભવી તેમજ ખુબ જ નિષ્ણાત ડેન્ટિસ્ટની પસંદગી કરવી જરૂરી બને છે.

ડેન્ટલ ચેક-અપ્સ

જ્યારે તમે ડેન્ટિસ્ટ પાસે તપાસ માટે જાઓ છો, ત્યારે તમારા ડેન્ટલ પ્રોફેશનલ શરૂઆતમાં તમારા સામાન્ય સ્વાસ્થ્ય અને દવાઓ વિશે પ્રશ્નો પૂછીને પોતાની કામગીરી શરૂ કરશે. સ્વાસ્થ્યની વિવિધ સ્થિતિઓ તમારા મૌખિક સ્વાસ્થ્ય પર અસર કરે છે અને કેટલીક દવાઓ તમારા મોઢા પર વિપરીત અસર કરી શકે છે માટે સારવાર પહેલાં તેને ધ્યાનમાં લેવાની જરૂર પડે છે. તમારા દંત ચિકિત્સક તમારા દાંતની તપાસ કરવા માટે તમારા મોંમાં નાના સાધનોનો ઉપયોગ કરીને નિરીક્ષણ કરશે, જેમ કે અરીસો અને ચકાસણી માટેના અન્ય સાધનો. દંત ચિકિત્સક દાંતનો સડો, પેઢાનો રોગ અને બીજી સ્થિતિઓ તપાસે છે. નરમ પેશીઓ, જેમાં પેઢા, જીભ, હોઠ, ગાલ અને તાળવું જેવાની નિયમિત તપાસ કરવામાં આવે છે અને મુખના કેન્સર અને તેના માટેની અન્ય સંભવિત સમસ્યાઓ માટે તપાસ કરવામાં આવે છે. કેટલાક સંજોગોમાં તમારા દંત ચિકિત્સક તમારા જડબાના સાંધા અને ગળામાં રહેલી લસિકા ગાંઠોની પણ તપાસ કરી શકે છે. દાંત અથવા ચેપ અથવા સંભવિત સડો જોવા માટે, દંત ચિકિત્સકને એક્સ-રે લેવાની જરૂર પડી શકે છે. જો આવી કોઈ સમસ્યા અસ્તિત્વમાં છે, તો તમારા ડેન્ટિસ્ટ સારવારના વિકલ્પો વિશે સમજાવશે અને તમને કિંમત અને સારવારના સમયનો અંદાજ આપશે.

દંત ચિકિત્સા – સ્કેલિંગ અને ક્લીનિંગ

સ્કેલિંગ અને ક્લીનિંગ દરમિયાન દાંતમાં રહેલા કચરા અથવા નકામા કણો કાઢવામાં આવે છે. આમાં ખાદ્ય કણો, બેક્ટેરિયલ ગ્રોથ અથવા સખત કેલ્કયુલસ શામેલ હોઈ શકે છે. પ્લેક અને કેલ્કયુલસ એ ગમ રોગના મુખ્ય કારણો છે. એ પછી દંત ચિકિત્સક પોલિશિંગ પેસ્ટથી બ્રશનો ઉપયોગ કરીને તમારા દાંત સાફ કરે છે. તે પેઢાના રોગની સારવાર કરવામાં અને વધુ રોગને રોકવામાં મદદ કરે છે. તમારી મૌખિક સ્વચ્છતા કેવી રીતે રાખવી તે અંગે તમને સુચનાઓ આપવામાં આવે છે.

ડેન્ટલ ફિશર સીલંટ

સીલંટ દાંતના સડાથી રક્ષણ આપે છે. સીલંટ એ પ્રવાહી દ્રાવણ છે જે સાફ દાંતની સપાટી પર રાખવામાં આવે છે, અને તે ટકાઉ પ્લાસ્ટિક સામગ્રી તરીકે સુયોજિત કરવામાં આવે છે. તે એક શારીરિક અવરોધ બનાવે છે જે ખોરાક અને અન્ય બેક્ટેરિયાને દાંતના ભાગમાં એકઠું થતાં અટકાવે છે અને સડો થવાનું બંધ થાય છે. બાળકો માટે સામાન્ય રીતે ફિશર સીલંટની ભલામણ કરવામાં આવે છે, કારણ કે તે કાયમી દાંતમાં સડો થવાનું જોખમ ઘટાડે છે.

ડેન્ટલ ફિલિંગ

દાંતના સડો કે જે પોલાણ (છિદ્ર) નું કારણ બને છે તેની સારવાર ડેન્ટલ ફિલિંગ્સ સાથે કરવામાં આવે છે. સડો દૂર કરવા દંત ચિકિત્સક અનેક સાધનોનો ઉપયોગ કરે છે. તે પોલાણને સામગ્રીથી ભરીને તેને સાફ કરે છે, સૂકા કરે છે અને સીલ કરે છે. પોલાણને ભરવા માટે વિવિધ પ્રકારની સામગ્રી ઉપલબ્ધ છે. તમારા માટે જરૂરી ફીલિંગને આધારે અને દાંતના આકાર અને સ્થાનના આધારે ખુબ જ યોગ્ય સામગ્રી વિશે સલાહ આપવામાં આવે છે જે દાંતના સૌંદર્યલક્ષી દેખાવ, તેમજ તેના આકાર અને કાર્યને ફરીથી પુનઃસ્થાપિત કરી શકે છે. ક્ષતિગ્રસ્ત દાંતની સારવાર કરવા માટે તમારા દંત ચિકિત્સક વિવિધ સારવાર સૂચવી શકે છે. આ ઉપચાર તમારા દાંતના દેખાવ, આકાર અને કાર્યને પુનઃસ્થાપિત કરવામાં મદદ કરે છે.

રૂટ કેનાલ

રૂટ કેનાલ ટ્રીટમેન્ટ એક એવી પ્રક્રિયા છે જે દાંતના નુકસાન અથવા ચેપવાળા પલ્પને ભરણ સાથે બદલી દે છે. 'પલ્પ' (જેને મોટાભાગે દાંતની ચેતા કહેવાય છે) એ સંવેદનશીલ પેશીઓ છે જે દાંતને ઓક્સિજન, પોષક તત્વો અને સંવેદના પ્રદાન કરે છે. વ્યાપક સડો, પલ્પને નુકસાન પહોંચાડે છે અને તે ચેપગ્રસ્ત થઈ શકે છે. રૂટ કેનાલની સારવાર દરમિયાન, ક્ષતિગ્રસ્ત પલ્પને દાંતમાંથી દૂર કરવામાં આવે છે. દંત ચિકિત્સક મૂળ કેનાલ સાફ કરે છે અને તેને આકાર આપે છે. દાંતની અંદરની જગ્યા સાફ કરે છે, અને રૂટના અંત સુધી સામગ્રીનું ફિલિંગ કરે છે. રૂટ કેનાલ માટે એક કરતાં વધુ એપોઈંટમેંટની જરૂર પડી શકે છે.

દાંત દૂર કરવા (નિષ્કર્ષણ, દાંત કઢાવવા)

આધુનિક દંત ચિકિત્સા અને મૌખિક આરોગ્ય વ્યવસાયિકો કુદરતી દાંતને સાચવવાનું લક્ષ્ય ધરાવતા હોય છે. જો કે, મોટા પ્રમાણમાં નુકસાન થયેલા અથવા ખરાબ રીતે સડી ગયેલા દાંતને દૂર કરવાની જરૂર પડે છે (જેને આપણે દાંત કાઢી નાખવાનું કહીએ છીએ). દંત ચિકિત્સક અનેક સમસ્યાઓ પેદા કરતી ડહાપણની દાઢ દાંત માટે પણ તેને કાઢી નાખવાની ભલામણ કરી શકે છે. દાંત કાઢવા પહેલા લોકલ એનેસ્થેટિક વાપરવામાં આવે છે (જેના કારણે માત્ર અમુક ભાગ જ સુન્ન થઈ જાય છે). પ્રક્રિયાની મુશ્કેલીને આધારે સામાન્ય એનેસ્થેસિયા પણ આપી શકાય છે.

ડેન્ટલ ટ્રીટમેન્ટ - ડેન્ટર્સ (બત્રીસી) નું ફીટિંગ

ડેન્ટર્સ અથવા બત્રીસી (જેને 'ખોટા દાંત' તરીકે પણ ઓળખવામાં આવે છે) એ કૃત્રિમ દાંત છે જે તમારા કેટલાક અથવા બધા કુદરતી દાંતને બદલીને ફિટ કરવામાં આવે છે અને તે તમે ઇચ્છા મુજબ મોઢામાં રાખી શકો છો અને સમયે સમયે બહાર કાઢી શકો છો. વૈકલ્પિક રીતે, કુદરતી દાંત કાઢી નાખ્યા પછી કેટલાક મહિનાઓ પછી ડેન્ટચર (કૃત્રિમ દાંત) બનાવી શકાય છે. ડેન્ટર્સને દરરોજ નિયમિત રીતે બહાર કાઢીને સાફ કરવાની જરૂર પડે છે. એવી ભલામણ કરવામાં આવે છે કે તમારે નકલી દાંત મોઢામાં રાખીને ઊંઘ લેવી જોઈએ નહીં.

ડેન્ટલ ઈમ્પલાન્ટ (દાંતનું પ્રત્યારોપણ)

તૂટી ગયેલા અથવા કાઢી નાખવામાં આવેલા દાંતની જગ્યાએ ડેન્ટલ ઈમ્પ્લાન્ટનો ઉપયોગ કરી શકાય છે. ઈમ્પ્લાન્ટ એ ટાઈટેનિયમથી બનેલું કૃત્રિમ સ્ક્રુ આકારનું ઉપકરણ છે. તે જડબામાં શસ્ત્રક્રિયાથી બેસાડીને તેની ઉપર કૃત્રિમ દાંત અથવા કૃત્રિમ ફિટિંગ ગોઠવી શકાય છે. ઈમ્પ્લાન્ટની પર્યાપ્ત સારવારની પ્લાનિંગ, ડિઝાઈન અને ફીટિંગ માટે ઘણી ડેન્ટલ એપોઈન્ટમેન્ટ જરૂરી બને છે. ટાઈટેનિયમ એક સુરક્ષિત સામગ્રી છે જે હાડકાને તેની આસપાસ વધવાથી અટકાવતું નથી. આ પ્રત્યારોપણનો સફળતાનો દર ઘણો ઊંચો છે પરંતુ તેના માટે વધુ તાલીમ અને વધુ કુશળતાની આવશ્યકતા હોય છે જેના માટે તમારે નિષ્ણાત દંત ચિકિત્સક (ડેન્ટિસ્ટ) પાસે સારવાર લેવી જરૂરી બને છે.

TODAYS MEDIA

The Complete Solution For Business Needs.!

web: www.todaysfact.in

Join Us on

TODAYS FACT SAMACHAR



1. VIDEO PRESENTATION
2. DIGITAL VIDEO LOGO
3. ANIMATION
4. YOUTUBE UPLOAD
5. SOCIAL MEDIA
6. GRAPHICS DESIGN
7. SEO
8. SHARING

BUSINESS PROMOTION

*Terms & Conditions Apply

For More info.:

Contact : 9033302074 | 7435050451

આપની આવક ખૂબ જ વધારે હોય અને આપ આવકની વહેંચણી કુંટુંબના સભ્યોમાં કરવા માંગતા હો તો થોભો....

- CA KARIM LAKHANI

પત્ની કે સગીર બાલકોના નામે મૂકેલી એફ.ડી. પરનું વ્યાજ પણ આપની આવક ગણી શકાય

સામાન્ય સંજોગોમાં આપણે આપણી આવક પર જ આકવેરો ભરવો પડે છે. પરંતુ ઘણીવાર આપણી આવક ઉપરાંત અમુક અન્ય આવકો પણ આપણી આવકમાં ઉમેરાય છે. અને તેના પર આપણે વેરો ભરવો પડે છે. પ્રથમ દષ્ટિએ માનવામાં ન આવે તેવું લાગે પણ આવકવેરા કાયદામાં એવી ઘણી જોગવાઈઓ છે જેમાં આપણે અન્ય કોઈ વ્યક્તિની આવક પર વેરો ભરવો પડે. જાણીએ કેવી રીતે ?

ઘણીવાર આપણે જીવનસાથી, બાળકોના નામે બેંકમાં ફિક્સ ડિપોઝીટ, ઈક્વિટી શેર્સ, મ્યુ.ફંડ, મકાન, ઓફિસ વગેરેમાં રોકાણ કરતા હોઈએ છીએ. આવું કરવાનો હેતુ આપણા કુટુંબના સભ્યોને સુરક્ષિત કરવાનો પણ હોય છે અથવા ભવિષ્યમાં જરૂર પડે તો તેઓની જરૂરિયાત પૂરી કરવાનો પણ હોય છે . આવકવેરા કાયદા મુજબ આપના દ્વારા કરવામાં આવતું કુટુંબના સભ્યોના નામે રોકાણ અને તેમાંથી મળતી આવક ભલે કુટુંબના સભ્યોના નામે હોય તો પણ આપ તેના પર આવકવેરો ભરવા જવાબદાર થઈ શકો છો.

જ્યારે આવક ટ્રાન્સફર કરવામાં આવે – મિલ્કત નહીં (SECTION 60)

જેમ કે આપ એક દુકાનના માલીક છો. જેમાંથી આપની વાર્ષિક ભાડાની આવક રૂા. ૧,૫૦,૦૦૦ છે. આપ આ દુકાનની આવક આપના મિત્રને ટ્રાન્સફર કરો છો . પરંતુ દુકાનની માલિકી તમારી પાસે જ રાખો છો .

હવે કાયદા મુજબ જો આપ માત્ર આવક ટ્રાન્સફર કરી ટેક્ષ પ્લાનિંગ કરો તો આવું પ્લાનિંગ માન્ય ગણાતું નથી . ભાડાની પૂરેપૂરી રકમ આપની જ આવકમાં ઉમેરાશે .

મિલ્કત ટ્રાન્સફર કરવામાં આવે પરંતુ રદબાતલ થાય તે રીતે (SECTION 61)

જો આપ આપની આવક કમાણી , મિલ્કત કોઈને ટ્રાન્સફર કરો પરંતુ આવી ટ્રાન્સફર આપ દ્વારા ગમે ત્યારે રદબાતલ થઈ શકે તેવી હોય તો પણ આવી આવક જેના નામે મિલકત તબદિલ કરવામાં આવે છે તે ન ગણતા આપની જ આવક ગણાય

પત્નીની આવક (Section 64 (1) (ii))

નીચેની પરિસ્થિતિમાં આપના જીવનસાથીની આવક આપની આવકમાં ઉમેરવામાં આવે છે અને તેના પર આપને જ વેરો ભરવો પડે છે .

૧ . જેમ કે આપના જીવનસાથીને કોઈ ભાગીદારી પેઢી કે કંપનીમાંથી પગાર, કમિશન કે ફી મળે છે અને જેમાં આપનું ૨૦% કે તેથી વધુ હિત છે. તો આ સંદર્ભમાં તેમને મળતી આવક આવકવેરાની દૃષ્ટિએ આપની જ આવક ગણાશે . પરંતુ જો આપના જીવનસાથી પાસે ટેકનિકલ અથવા વ્યવસાયીક જાણકારી કે લાયકાત હોય તો આવી આવક આપની આવક ગણાશે નહીં .

૨.જો તમે તમારી કોઈ મિલ્કત તમારા જીવનસાથીને અવેજ વગર ટ્રાન્સફર કરો તો આવી મિલ્કતમાંથી થતી આવક એ આપની જ આવક ગણાય છે, નહીં કે આપના જીવનસાથીની. જેમ કે મનન શાહની બેંકમાં ફિક્સ ડિપોઝીટ રૂા . ૫૦,૦૦,૦૦૦/- ની છે. જેમાંથી તેમને વાર્ષિક રૂા.૪,૦૦,૦૦૦/- વ્યાજની આવક મળે છે. હવે તેઓ આ પૈકી રૂ. ૨૫,૦૦,૦૦૦/- ની એફ.ડી .

પોતાની પત્નીનાં નામે ટેક્સ બચાવવાના હેતુથી કરે તો પણ પૂરેપૂરી રૂા . ૪,૦૦,૦૦૦/- ની આવક આવકવેરા કાયદા મુજબ મનન શાહની જ ગણાય છે .

૩. જો તમે અમુક રકમ આપના જીવનસાથીને આપો અને આપના જીવનસાથી તે રકમનું રોકાણ કરે અને તેમાંથી તેમને કોઈ આવક મળે તો તે આવક પણ આપની જ ગણાય છે , નહીં કે આપના જીવનસાથીની . પરંતુ જો આ આપના જીવનસાથી દ્વારા પુનઃ રોકાણ કરવામાં આવે અને તેમાંથી જો આવક થાય તો તે આપની ગણાતી નથી .

આપના સગીર પુત્ર કે પુત્રીની આવક
(Section 64(1A))

ઘણીવાર સગીર બાળકોનાં નામે ફિક્સ ડિપોઝીટ કરવામાં આવે છે અને તેમાંથી વ્યાજની આવક થતી હોય છે . આવી વ્યાજની આવક પિતા કે માતા બેમાંથી જેની આવક વધુ હોય તેમાં ઉમેરાય છે. પરંતુ આવી આવક બાળક દ્વારા કરવામાં આવે અને તે હાથકામ કે પોતાની આવડત, સ્કીલ, જ્ઞાન કે અનુભવના આધારે થયેલ હોય તો આવી આવક માતા - પિતાની આવકમાં ઉમેરાતી નથી . જો સગીર બાળકની આવક માતા કે પિતાની આવકમાં ઉમેરવામાં આવે તો તેવી આવકે બાળકદીઠ રૂા . ૧૫૦૦ સુધીની કરમુક્ત ગણવામાં આવશે . જેમ કે બીમલ ત્રિવેદીનાં બે સગીર બાળકોની આવક રૂ. ૧૫૦૦૦ અને રૂા. ૩૦૦૦૦ છે . હવે બાળકદીઠ રૂ.૧૫૦૦ની કરમુક્તિ મળતા તેમની આવકમાં રૂા.૪૨૦૦૦ ઉમેરાશે, નહીં કે રૂા. ૪૫, ૦૦૦. પરંતુ જો બાળક પુખ્તવયનો હોય તો આવી આવક તેની જ ગણાશે, તેમના માતા - પિતાની નહીં.

પુત્રવધૂને કરવામાં આવેલ મિલ્કતની બક્ષીસ
(Section 64 (2) (vi))

જો આપની કોઈ મિલ્કત આપના પુત્રની પત્નીને પૂરતા અવેજ વગર ટ્રાન્સફર કરો અને તેમાંથી જો આવક ઉપજતી હોય તો તે આવક પણ આપની જ ગણાય છે .

કરપાત્ર આવકની ગણતરી

આપની આવક

\+ તમે તમારી આવક ટ્રાન્સફર કરી હોય (પરંતુ મિલ્કત નહીં)

\+ મિલ્કત (રદબાત્તલ થાય તે રીતે ટ્રાન્સફર કરી હોય તો તેમાંથી થતી આવક)

\+ જીવનસાથીના નામે કોઈપણ મિલ્કતના રોકાણમાંથી થતી આવક

\+ જીવનસાથીને મળતો પગાર પેઢી કે કંપની જેમાં આપનું હિત ૨૦% કરતા વધારે હોય

\+ આપના સગીર બાળકની આવક (રૂા .૧૫૦૦ સુધી કરમુક્તિ)

\+ આપના પુત્રની પત્નીને ટ્રાન્સફર કરેલ મિલકતમાંથી થતી આવક

કુલ કરપાત્ર આવક

ખિદમત શાહીન ફાઉન્ડેશન

- સના અશફાક મેમણ

૨૦૦૨માં શાહીન ફાઉન્ડેશનની શરૂઆત થઈ હમીદભાઈ મેમણથી, જે શાહીન ફાઉન્ડેશનનો ઉદ્‌ભવ કરનારા છે. ૧૮ વર્ષથી ચાલતું આ ફાઉન્ડેશન ઘણા બધા સખીદાતાઓથી આગળ વધ્યું છે. સર્વ પ્રથમ વાત કહું તો હમીદભાઈ મેમણ જે એક એવા સારા બિઝનેસમેન છે. સૌથી વધારે તેમની મહેનતે આ ફાઉન્ડેશનને આટલું બધું આગળ વધાર્યું છે. તેઓ ઓછું ભણેલા હોવા છતાં તમામ બાળકો અને વાલીઓ માટેનું એક ઉત્તમ ઉદાહરણ છે. હા, તેઓ કાયમ મને કહે છે, હું ફક્ત એક જ નથી જેણે શાહીનને આટલું બધું આગળ વધાર્યું છે અને લોકોને સેવા આપી છે અને હજુ પણ આવી રહ્યા છે. જ્યાં સમૂહ છે ત્યાં સંગઠન છે, ત્યાં એકતા છે. આ સમૂહ અને સંગઠન ત્યારે થાય છે, જ્યારે તમારી કડી મહેનત અને સમય તમે ફાળવ્યો હશે. લોકો કહે છે ભણેલો માણસ જ આગળ આવી શકે છે, તે વિચારધારા પણ હમીદભાઈએ એ લોકોની ખોટી પાડી છે. જ્યાં માણસને કશું કરવાની ચાહ છે, ત્યાં તેને રાહ મળી જાય છે. બસ આ જ ચાહતે ખિદમતને એક રાહ મળી અને આજે શાહીન ફાઉન્ડેશન નહીં પણ લોકો માટે ખિદમત શાહીન ફાઉન્ડેશન બન્યું છે.

ભણેલા માણસને પણ મેં ઓટોરીક્ષા ચલાવતા જોયા છે. કેમ કે તેમની ચાહત હતી જ નહીં, કદાચ તેથી જ એ ભણીને પણ અભણ બની જાય છે, અને ઓછું ભણેલા માણસને પણ મેં જોયા, જેણે પોતાની લગન અને ઉમદા કામગીરીથી તમામ ધર્મના લોકોને સેવા આપી રહ્યા છે અને બાળકોને વિનામૂલ્યે શિક્ષણ ઉપલબ્ધ કરાવી રહ્યા છે.

તેમના સંઘર્ષ અને કાબિલિયતને સલામ છે, જેમણે તકલીફોના પહાડને પાર કરી એવી નામના મેળવી છે જે લોકોના ઝખમનું મરહમ છે, જરૂરીયાતમંદો કોઈ પણ તેમની પાસે મદદ લેવા આવ્યા હોય અને તેમને ના પાડી હોય એવું કદાચ ત્યારે જ બને, જ્યારે તેમનાથી એ કાર્ય ના થવાનું હોય, બાકી હમીદભાઈ એ લોકો માટે ખુબ સેવારૂપી નિવડ્યા છે.

ઘણાં વર્ષોથી ગરીબ અને જરૂરિયાતવાળા બાળકોને ધો. ૮ થી એમ.કોમ, ૧૧, ૧૨ સાયન્સનું મફત શિક્ષણ આપવાનું કાર્ય ચાલુ છે. તેમજ ઘણાં બધા સામાજીક કાર્યો જેવા કે વૃક્ષારોપણ, રક્તદાન અને આપણા શહેરમાં યોજાતા મેગા એજ્યુકેશ્ટ હોય કે સમૂહલગ્ન, વિવિધ એન.જી.ઓ. દ્વારા યોજાતા કાર્યક્રમોમાં આ ફાઉન્ડેશને અગ્રરૂપે પોતાનો ભાગ ભજવ્યો છે. દર વર્ષે ઓનલાઈન ફોર્મ જેવા કે સ્કોલરશીપ, કોલેજના એડમીશન, ગવર્નમેન્ટ પરીક્ષાના ફોર્મ વગેરે ઓનલાઈન સુવિધા વિનામૂલ્યે પૂરી પાડવામાં આવે છે.

અત્યારની જ વાત કરું તો હાલની કોરોનાની આ કપરી પરિસ્થિતિમાં ગરીબ વર્ગના પરિવાર જે રોજ લઈને રોજ ખાનારાઓ છે, જે લોકડાઉનની સ્થિતિમાં કઈ રીતે પોતાના પરિવારનું ગુજરાન ચલાવે. એ વિચાર સર્જાતા જ શાહીન ફાઉન્ડેશનના ફાઉન્ડર હમીદભાઈ મેમણ (બિઝનેસમેન) અને તેમની આખી ટીમે સમાજના બધા ધર્મના ગરીબ કુટુંબો માટે રાશનની કીટ બનાવી એમના ઘરના દ્વાર સુધી પહોંચાડવાનું ચાલુ કર્યું. જેથી લોકો બિનજરૂરી ઘરની બહાર ના નીકળે. આવા સમયમાં લોકો પોતાના ઘરમાં જ રહે અને સુરક્ષીત રહે એ ભાવનાથી તા. ૨૨-૦૩-૨૦૨૦, લોકડાઉનની શરૂઆતથી આજ સુધી લગભગ ૩૧૦૦ જેટલી રાશનની કીટ, શાકભાજીના ૯ ટેમ્પો, ૧૦૦૦ કિલો લીંબુ, ૩૦૦૦૦ નંગ ઈંડા, રમઝાનમાં ઈફ્તારી માટે ૧૭૦૦ ફ્રુટની કીટ તેમાં ૧૭૦૦૦ કિ.ગ્રા. તરબૂચ લોકોને પહોંચાડવામાં આવ્યું હતું.

જેમ જેમ અમદાવાદમાં કોરોનાના કેસ વધવા લાગ્યા તેને જોઈ શાહીન ફાઉન્ડેશનના મુખ્યા હમીદભાઈ મેમણ દ્વારા આપણા સમાજના કોરોના વોરીયર્સ એટલે કે પોલીસ કર્મીઓ માટે દાણીલીમડા પોલીસ સ્ટેશન તેમજ આસપાસના ઘણાબધા વિસ્તારના પોલીસ સ્ટેશન અને પોલીસ ચોકીમાં તેમજ રોડ ઉપર ખડેપગે પોતાની ફરજ બજાવતા ઘણાં બધાં પોલીસ કર્મીઓને સેનેટાઈઝ કરવાનું કાર્ય પણ ચાલુ કરવામાં આવ્યું, જેથી અડીખમ ઉભા રહેતા કોરોના વોરીયર્સનું સ્વાસ્થ્ય જળવાઈ રહે. એની સાથે ૪૭૫ હેન્ડ સેનેટાઈઝર, ૧૨૦ બોક્સ હાથના ગ્લોવ્ઝ, ૪૦૦૦ નંગ હેડ કેપનું વિતરણ પોલીસ કર્મીઓની સાથે સાથે સમાજના અન્ય લોકોને પણ કરવામાં આવ્યું.

આ ઉપરાંત જ્યારે અમદાવાદમાં રોજી રોટી માટે આવેલા પ્રવાસી મજૂરોએ જ્યારે પોતાના વતન જવા માટે પગપાળા જવાનો વિકલ્પ અપનાવ્યો ત્યારે શાહીન ફાઉન્ડેશનની ટીમ દ્વારા હાઈવે ઉપર જઈને તેમને પીવાનું પાણી અને ખાવા માટે બિસ્કીટના પેકેટનું વિતરણ કરવામાં આવ્યું. તદ્‌ઉપરાંત કાલુપુર સ્ટેશનેથી રેલ્વે માર્ગે નીકળેલા મજુરોને ૧૪૦૦૦ જેટલી પાણીની બોટલ અને બિસ્કીટના પેકેટનું વિતરણ કરવામાં આવ્યું. તેમજ ૭૦૦ જેટલા લોકોને બપોરનું ભોજન પહોંચાડવામાં આવ્યું અને ૭૫૦ લસ્સીની બોટલ આપવામાં આવી.

આવી જ રીતે આ ફાઉન્ડેશનના તમામ નેકીના કાર્યોમાં પ્રગતિ થાય અને આ ફાઉન્ડેશન હજુ ખિદમત માટે સદા ચાલુ રહે અને તેના તમામ કાર્યકર્તાઓ આવા નેકીના કામમાં સાથ અને સહકાર આપે તેવી અરજ છે.

jodeed

ડેસ્કટોપ
હાર્ડ ડિસ્ક

કોઈ પણ જુની હાર્ડ ડિસ્ક
લાવો અને
નવી ૧ ટી.બી.
હાર્ડ-ડીસ્ક લઈ જવો

ફક્ત
₹ 2555/-
માં

વોરંટી સાથે

› Contact Now

M: 93 77 11 1033
M: 92 27 20 1033

No. 26 First Floor Jumson Chambers,
Behind Arab Masjid, Opp. Pattherkua
Petrol Pump.relief Road,
Ahmedabad-380001 (Gujarat)

અક્ષય કુમારની સાત મોટી ફિલ્મ કોરોનાના કારણે અટવાઇ ગઇ

ફિલ્મોને કોરોનાથી ભારે નુકસાન

કોરોના વાયરસના કારણે હાલમાં લોકોની હાલત ખરાબ થયેલી છે. કોરોનાના માહોલમાં સૌથી વધારે મદદ બોલિવુડ સ્ટાર અક્ષય કુમાર દ્વારા કરવામાં આવી રહી છે. જો કે આ બાબત પણ એટલી જ સાચી છે કે અક્ષય કુમારને જ કોરોના કાળામાં સૌથી વધારે નુકસાન પણ થઇ રહ્યું છે. કારણ કે સૌથી વધારે સાત ફિલ્મો અક્ષય કુમારની જ અટવાઈ પડી છે. દર વર્ષે મોટી સંખ્યામાં ફિલ્મો કરનાર અક્ષય કુમારની સાત ફિલ્મો હાલમાં અટવાયેલી છે. જેમાં રોહિત શેટ્ટીની ફિલ્મ સુર્યવંશી પણ સામેલ છે. માહોલને જોતા હવે ઓનલાઈન પ્લેટફોર્મ પર ફિલ્મ રજૂ કરવામાં આવનાર છે. ફિલ્મોને ઓનલાઈન રજૂ કરવાની મજબુરી આવી ગઈ છે. આ

પ્રકારની સ્થિતિ સર્જાઈ જવાના કારણે અક્ષય કુમાર માટે સૌથી મોટી આફત છે. અક્ષય કુમારને સૌથી મોટુ નુકસાન થવાની વકી છે. આ ફિલ્મમાંથી એક ફિલ્મ અક્ષય કુમારની સુર્યવંશી છે. રોહિત શેટ્ટીની આ ફિલ્મ માર્ચમાં રજૂ કરવામાં આવનાર હતી. પરંતુ હજુ સુધી રજૂ કરવામાં આવી નથી. કિયારા અડવાણી અને અક્ષય કુમારની નવી ફિલ્મ લક્ષ્મી બોંબની પણ ચર્ચા છે. ફિલ્મમાં અક્ષય કુમાર નવા અવતારમાં છે. ફિલ્મની પટકથાના કારણે ચાહકો પહેલાથી જ જોડાઈ રહ્યા છે. ફિલ્મની સાથે મોટી સંખ્યામાં લોકો જોડાઈ રહ્યા છે. એવી અટકળો ચાલી રહી છે કે આને કોઈ ઓનલાઈન પ્લેટફોર્મ પર જારી કરવામાં આવનાર છે. જો કે હજુ સુધી કોઈ સત્તાવાર જાહેરાત કરવામાં આવી નથી. અક્ષય કુમારની બેલબોટમ પણ ચર્ચામાં છે. આ ફિલ્મને લઈને પણ લોકો રાહ જોઈ રહ્યા છે. આ ફિલ્મમાં પણ અક્ષય કુમારના નવા લુકમાં લોકો તેને જોવા માટે ઉત્સુક છે. મેકર્સ વર્ષના અંત સુધી ફિલ્મને રજૂ કરવાની ઇચ્છા ધરાવે છે. જો કે હાલમાં કોઈ વાત કરવાની કોઈ સ્થિતિમાં નથી. કારણ કે લોકડાઉનનો ગાળો ચાલી રહ્યો છે. ફિલ્મના શુટિંગને ક્યારેય પૂર્ણ કરી લેવામાં આવશે તે અંગે વાત કરવી સરળ નથી. મિસ વર્લ્ડ માનુષી છિલ્લર ફિલ્મ પૃથ્વીરાજ સાથે એન્ટ્રી કરી રહી છે. પોતે અક્ષય કુમાર આ ફિલ્મ સાથે જોડાઈને રોલને ઐતિહાસિક અને યાદગાર બનાવી દેવા માટે ઉત્સુક છે. આ ફિલ્મ પણ તેની કેરિયરની સૌથી મોટી ફિલ્મ પૈકી એક ફિલ્મ તરીકે રહેનાર છે. દિવાળી પર ફિલ્મને રજૂ કરવાની યોજના છે પરંતુ ફિલ્મ રજૂ કરવામાં આવે તેવી શક્યતા ઓછી છે. હાલમાં આ બાબત શક્ય નથી. રાંઝણા બાદ આનંદ એલ રાય નવી ફિલ્મ અતરંગી રે ફિલ્મ બનાવી રહ્યા છે. ફિલ્મમાં આ વખતે ધનુષ અને અક્ષય કુમાર કામ કરી રહ્યા છે. બંનેને સાથે જોવા માટે ચાહકો ઉત્સુક છે. આનંદ એલ રાયની ફિલ્મ હોવાથી પણ ચાહકોને ફિલ્મનો ઈન્તજાર છે. જોકે તે ફિલ્મની રજૂઆત પણ હાલમાં થાય તેવી શક્યતા નથી. કારણ કે કોરોના વાયરસ વચ્ચે લોકડાઉન વચ્ચે ફિલ્મના શુટિંગને રોકી દેવાની ફરજ પડી રહી છે. અક્ષય કુમારની ફિલ્મ બચ્ચન પાન્ડે પણ મોટી ફિલ્મ છે. આ ફિલ્મને લઈને ચાહકો ઉત્સુક છે. મેકર્સને લઈને માર્ચમાં ફિલ્મ રજૂ કરવામાં આવનાર છે. જો કે હાલમાં ફિલ્મ રજૂ કરવામાં આવે તેવી શક્યતા ઓછી છે. એકતા કપુરની એક્શન કોમેડી ફિલ્મ પણ આ શ્રેણીમાં સામેલ છે. જો કે ફિલ્મનું નામ હજુ સુધી જાહેર કરવામાં આવ્યું નથી. જો કે તે સાઉથની એક ફિલ્મની રીમેક ફિલ્મ છે. હવે કોરોના વાયરસની જટિલ સ્થિતી વચ્ચે આ ફિલ્મનું નિર્માણ આગળ વધે છે કે કેમ તેને લઈને ચર્ચા છે. અક્ષય કુમાર લોકડાઉનના ગાળામાં ભારે ચર્ચામાં રહેનાર સ્ટાર પૈકી એક છે. ગરીબોને મદદ કરવામાં અક્ષય કુમાર પણ સૌથી પહેલા આગળ આવેલા લોકોમાં સામેલ રહેલો છે. જો કે તેની સૌથી વધારે ફિલ્મો કોરોના વાયરસના કારણે અટવાઈ પડી છે. અક્ષય કુમાર બોલિવુડમાં સૌથી વ્યસ્ત અભિનેતા પૈકી એક તરીકે રહ્યો છે. તેની ફિલ્મો સતત આવતી રહે છે. બીજી બાજુ નવી ફિલ્મો પણ તે સૌથી વધારે કરી રહ્યો છે. આવી સ્થિતિમાં તેને સૌથી વધારે ફટકો પડી રહ્યો છે. હાલમાં તે લોકોની મદદમાં લાગેલો છે. હાલમાં થિયેટર શરૂ થવાની શક્યતા નથી.

Salim Karimi
M: 98980 69047
O: 97247 78698

Adarsh
Driving School

પદ્ધતીસરનું ડ્રાઈવીંગ
શિખવા માટે સંપર્ક કરો.

Anas Karimi
M: 99254 37997

Adarsh
Auto Advisor

આર.ટી.ઓ તથા
વીમા ના કામ ના સલાહકાર

14, Azan Complex, Opp. Bank of Baroda,
Juhapura-Sarkhej Road, Ahmedabad-380055.

Noman Ajmerwala
M.: 9662684605

HR Creation
E-mail: hrcreation@gmail.com

Mfg. of Specialist in Cotton Printed Dress
Material Kurti & Suit Piece

A-109, 1st Floor, Ghantakarna Mahavir Market,
Nr. New Cloth Market, Sarangpur, Ahmedabad-1, Gujarat(INDIA)

(ટ્રસ્ટ રજી નં. બી-૮૦૬) (૭૮૬/૯૨) (ADVT)

બુખારી બાવા કબ્રસ્તાન

ઓફિસ : ગેટ નં. ૧, જમાલપુર ચાર રસ્તા પાસે, બહેરામપુરા ચોકી કે સામે, અહેમદાબાદ-૧.

"શહી ઇમદાદ ઔર મદદ કરનેકા મુકામ કબ્રસ્તાન હૈ"

"બુખારી બાવા કબ્રસ્તાન કે ખીદમતગાર ટ્રસ્ટી કી કલમ સે આપ કો ખાસ જાનકારી દી જાતી હૈ કે"

કાફી રોજ સે યેહ દૈનિક અખબાર મેં હમારી કોમ કો જાગૂત કરને કે લીય જાહેર ખબર દી જાતી હૈ મગર કોમ કો કુછ ભી પડી નહી હૈ ઔર ના તો મદદ કરતી હૈ ઔર ના તો કોઇ સજેશન દેતી ક્યા હમ યેહ કામ આધે મેં હી છોડ દે...

મેરે ભાઈઓ યેહ આખરીત કા મુકામ હૈ ઈસે વીરાન મત કરો હમારે હાથ મજબુત કરો ઔર યેહ પરદેશી ઝાડુ બનાને વાલી કોમ કો કબ્રસ્તાન સે બહાર નિકાલો ઔર જો કબ્રસ્તાન કી જમીન કે દલાલ હૈ. મુસ્લીમ પરદેશી કોમ કે ગદ્દારો કો નિકાલો ઔર હમારે સામને નહી મગર મર્હુમો કે સામને તો દેખો. દુનિયામે ઈન્સાનો ને યેહ મર્હુમોકી કદર નહી કરી મગર યહાં તો ઈન્હે શુકુન સે સોનેદો-ખુદા હાફીઝ

કબ્રસ્તાન કબ્રસ્તાનમેં મૈયત દફન કે લીયે પુરા સામાન ચોવીસ કલાક કબ્રસ્તાનસે મીલેગા, કબ્રસ્તાનકી ઓફિસ કા ટાઇમ યેહ હૈ. (સુબહ ૪:૦૦ સે ૧૨:૦૦ દોપહર ૨:૦૦ સે શામકો ૭:૦૦ બજે તક હૈ.)

કોન્ટેક્ટ : ૯૩૭૫૪૩૨૮૧૦, ૯૫૭૪૭૫૮૯૭૮, ૯૭૩૦૦૦૬૨૮

બેંક એકાઉન્ટ નંબર : 12240100019114 | IFSC Code: BARB0ASTODIA

બેંક ઓફ બરોડા, આસ્ટોડિયા ચકલા બ્રાન્ચ, અહેમદાબાદ-૧

લિ.વર્કીંગ કારોબારી ખિદમતગાર ટ્રસ્ટી હાજી નિઝામુદ્દન એ. શેખ (લાઇટવાલા)

ખેલાડીઓ માટે કરોડપતિ બનવાના મશીન તરીકે ગણી શકાય છે

આઇપીએલ ખેલાડીઓ માટે તક

દર વર્ષે બોલાતી બોલીમાં જુદી જુદી ટીમો ખેલાડીઓને કરોડો રૂપિયાની બોલી લગાવીને ખરીદી લે છે : ખેલાડીઓના જીવન બદલાઇ જાય છે

ઈન્ડિયન પ્રિમિયર લીગને કોઇ પણ ખેલાડી માટે કરોડપતિ બનવાના મશીન તરીકે પણ ગણી શકાય છે. આ લીગ માટે દર વર્ષે થનારી હરાજીમાં જુદી જુદી ટીમો ખેલાડીઓને કરોડો રૂપિયાની બોલી લગાવીને ખરીદી લે છે. આમાં કેટલાક ખેલાડીઓ તો પહેલાથી જ અમીર હોય છે પરંતુ કેટલાક ક્રિકેટરો એવા પણ હોય છે જેમની લાઇફ આ રકમના કારણે રાતોરાત બદલાઇ જાય છે.વર્ષ ૨૦૦૮માં જ્યારે આઇપીએલની શરૂઆત કરવામાં આવી ત્યારથી જ ગરીબ અને મધ્યમ વર્ગના ઉભરતા ખેલાડી માટે ખુબ સારી તક રહી છે. આ પ્રોફેશનલ લીગ છે. અહીં માત્ર સફળતા જોઇ શકાય છે. જો કોઇ ખેલાડી ઉંચી કિંમતમાં ખરીદી લીધા બાદ સારો દેખાવ કરતો નથી તો તેને કિનારા પર મુકી દેવામાં પણ ટીમો મોડું કરતી નથી. એક સમય ખુબ છવાઇ જનાર ખેલાડી હવે ક્યાં છે તેની કલ્પના કરી શકાય છે. રાજસ્થાન રોયલ્સના કામરાન ખાનની વાત કરવામાં આવે તો આ વાત જાણી શકાય છે. આ બોલર ૧૪૦ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે બોલ ફેંકી રહ્યો હતો. શેન વોર્નની ટીમે વર્ષ ૨૦૦૯માં તેને ૧૨ લાખ રૂપિયામાં ખરીદી લીધો ત્યારે લાગ્યું કે આ ખેલાડીની લાઇફ બદલાઇ ગઇ છે. તમામ પ્રસંગે પ્લેટફોર્મ પર સુઇ જનાર કામરાન જ્યારે દક્ષિણ આફ્રિકા સામે આયોજિત આઇપીએલમાં રમવા માટે પહોંચ્યો ત્યારે તે ફાઇવ સ્ટારમાં રોકાયો હતો. જેથી તેને ઉંઘ આવી ન હતી. કારણ કે તે આ પ્રકારની સુવિધા સાથે ટેવાયેલો ન હતો. વોર્ને કહ્યું હતું કે આ ખેલાડી એક દિવસ ટીમ ઇન્ડિયાના બોલર તરીકે રમશે. એક્શન શંકાસ્પદ હોવાના કારણે કામરાન આઇપીએલ ટીમનો હિસ્સો હોવા છતાં ગુમ થઇ ગયો હતો. આવી જ રીતે પોલ વલથાટીનો પણ દાખલો છે. વર્ષ ૨૦૧૧માં તે કિંગ્સ ઇલેવન તરફથી છવાયેલો રહ્યો હતો. તે પ્રથમ બોલ પર જ શોટ ફટકારવા માટે જાણીતો રહ્યોહતો. ચેન્નાઇ સુપર કિંગ્સ સામે આ ખેલાડીએ ૯૩ બોલમાં ૧૨૦ રન ફટકારી દીધા હતા. કિંગ્સ ઇલેવનને જીત અપાવી હતી. તે પણ હવે કામરાનની જેમ ગુમ થઇ ગયો છે. આઇપીએલની ટીમ કેટલીક વખત અજાણ ખેલાડી પર મોટો દાવ રમી કાઢે છે. પવન નેગી, કેસી કરિયપ્પા અને નાથુસિંહ આવા જ ખેલાડી છે. પવન નેગીને તો દિલ્હી ડેરડેવિલ્સે વર્ષ ૨૦૧૬માં ૮.૫૦ કરોડ રૂપિયામાં ખરીદીને તમામને ચોંકાવી દીધા હતા. આ વખતે તે માત્ર આરસીબી દ્વારા એક કરોડ રૂપિયામાં લેવાયો છે. કેસી કરિયપ્પાને કોલકત્તા નાઇટ રાઇડર્સે વર્ષ ૨૦૧૫માં ૨.૪૦ કરોડ રૂપિયામાં ખરીદી લીધો હતો. આગામી વર્ષે તેની કિંમત ઘટીને ૮૦ લાખ રહી હતી. આવી જ રીતે જયપુરની એક ફેકટરી કર્મચારીના પુત્ર નાથુસિંહને વર્ષ ૨૦૧૬માં મુંબઇ દ્વારા ૩.૨૦ કરોડમાં ખરીદી લેવામાં આવ્યો હતો. જો કે એક વર્ષ બાદ તેની કિંમત ઘટીને ૫૦ લાખ રૂપિયા થઇ ગઇ છે. આઇપીએલના લીધે રવિન્દ્ર જાડેજા, યુસુફ પઠાણ, રિસભ જેવા સ્ટાર ખેલાડી પર આવ્યા છે. જે સતત સારો દેખાવ કરીને રાષ્ટ્રીય ટીમનો હિસ્સો બન્યા છે. ખેલાડીઓની કિંમતને લઇને કોઇ લોજિક લગાવવાની બાબત શક્ય નથી. દુનિયા જેને શાનદાર ખેલાડી સમજે છે તે જરૂરી નથી કે ટીમો માટે એટલું મહતત્વ રાખે છે. આ વર્ષે કોરોના વાયરસના કારણે આઇપીએલ યોજવામાં આવશે કે કેમ તેને લઇને ભારે સસ્પેન્સ છે. કારણ કે તમામ રમતો મોકુફ કરવામાં આવી રહી છે. ટ્વેન્ટી-૨૦ વર્લ્ડ કપને પણ હાલમાં મોકુફ રાખવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. ટેનિસ, ફુટબોલ સહિતની તમામ રમત હાલમાં મોકુફ છે. જે રમત ચાલી રહી છે તેમાં ચાહકોને મંજુરી મળી રહી નથી. આ પ્રકારની સ્થિતિ વચ્ચે આ વખતે આઇપીએલ સામે પણ ખતરો રહેલો છે. જો કે ભારતીય ક્રિકેટ કન્ટ્રોલ બોર્ડ દ્વારા તમામ પ્રયાસો આઇપીએલ માટે હાથ ધરવામાં આવ્યા છે. જો કે ભારત સરકાર મંજુરી આપશે તો આઇપીએલને યોજવામાં આવી શકે છે.

INDIAN PREMIER LEAGUE

ઠીક છે, કોરોના તારી સાથે પણ જીવી લઈશું

- CA. SOHEL MENDAJIWALA

ભારતમાં કોરોનાનો વાઈરસ ફેલાયો ત્યાર પછી હવે ભયનો માહોલ વધી રહ્યો છે. દેશ માટે આ વાયરસ નવો- નવો છે એટલે અજાણયા દુશ્મનથી જેમ વધુ ડર લાગે એમ કોરોના પણ પ્રજાને વધુ ડરાવી રહ્યો છે. શું કોરોના વિશ્વ ઇતિહાસનો સૌથી ખતરનાક વાઇરસ છે.? આ સવાલ નો જવાબ દુનિયાના બધા નિષ્ણાતો પણ 'ના' માં જ આપશે. આજની તારીખે પણ કોરોના કરતાં ફ્લૂ, ન્યુમોનિયા, એઇડ્સ, ટાઇફોડ જેવા રોગને કારણે ઘણા વધુ લોકો મૃત્યુ પામી રહ્યા છે.

કોઇપણ બીમારીનો ભય ઉભો થાય ત્યારે શાણા લોકો પહેલાં તો એનાથી બચવાની સલાહ આપે અને સામાન્ય લોકો એના પાલન માટે પોતાનાથી બનતો પ્રયાસ કરે. તોયે સલામતીની દીવાલમાં છીંડુ પાડીને બીમારી શરીરમાં ઘૂસી જાય, ત્યારે હિંમતભેર એની સામે લડવાની સલાહ અને કોશિશનો સિલસિલો ચાલુ થાય પણ જીદ્દી બીમારી ઘર છોડવાનું નામ જ ના લે તો પણ અંતે કહેવાય કે હવે આની સાથે જીવતા શીખ લેવું પડશે. અહીં પછી ભાર મુકાય છે. જીવ બચવા પર અને એ માટે જે પણ કરવું પડે એ શીખી લેવા પર ડાયબિટીસ આવી એક બીમારી છે. જેને મટાડવાની દવા હજી શોધાઇ નથી અને કંટ્રોલમાં ન રાખો તો અંધાપાથી માંડીને મૃત્યુ નોતરી શકે, પણ બીજી તરફ હકીકત એ છે કે દુનિયામાં લાખો કરોડો લોકો ડાયાબિટીસનો ભોગ બન્યા પછીયે સુખેથી જીવે છે. હા એમાં શરત એટલી કે ખાવા-પીવા પર કંટ્રોલ રાખવો દવા લેવી થોડી કસરત કરવી વગેરે વગેરે.

અત્યારે કોવિડ-૧૯ની બાબતમાં પણ એવું જ થયું છે. આખી દુનિયાને કોરોના વાઇરસે ઝપેટમાં લીધી છે. અને સમૂળગો ખતમ કરવાની કે આવતો રોકવાની કોઇ દવા હજી સુધી શોધાઇ નથી. પ્રયત્નો ચાલુ છે. પણ આ તબક્કે તો વૈજ્ઞાનિક, ડોકટરો અને ખોટી આશા બંધાવવા માટે જાણીતા રાજકારણીઓએ પણ કહી દીધું છે કે હવે તો આ વાયરસ સાથે જીવતાં શીખી લેવું પડશે.

જે લોકો ને કદાચ ચેપ લાગે તોય જીવી જવાની શકયતા છે. પછી એમાં દવાની સાથે સાથે માણસની પોતાની ઈમ્યુનિટી સિસ્ટમ, રોગપ્રતિકારક શકિત અને સાવધાની પણ મોટો ભાગ ભજવવાની, પરંતુ સારા સમાચાર કહો તો એ છે કે અણગમતી વસ્તુ કે વ્યકિત સાથે જીવવાની આદત તો આપણામાંથી ઘણા લોકોએ પાડી લીધી છે.

વાસ્તવિકતા હસીને સ્વીકારી લઈએ તો જીવવાનું સહેજ સહેલું બને. મનથી સાજાસારા હોય એ લોકો શારીરિક બીમારી ઓ સામે વધુ જોશભેર લડી શકે છે. એ તો આપણે જોયું જ છે. ' સિરિયસ બનો' આ હસવાની બાબત નથી એવું કહેતા લોકો મોટેભાગે વાતની સિરિયસનેસ વધારતા હોય છે. કોરોના પર હસીએ એનો અર્થ એવો નથી કે આપણે એની ગંભીરતા સમજતાં નથી પરંતુ આપણી આ ગંભીરતા પુરવાર કરવા માટે સોગિયું મોઢું રાખવું કે દુનિયાભરની ચિંતા કર્યે રાખવાનું જરૂરી નથી. જેની સાથે જીવતા શીખવાનું જ છે એનું શું કામ વધુ ભાવ આપીને મોટો કરવો ?

અનિશાબાનુ મોહમ્મદ યુસુફ પાલીવાલાએ ધોરણ ૧૨માં ૯૯.૫૧ પર્સેન્ટાઇલ અને શ્રી જે.સી શાહ પ્રકાશ હાઈસ્કૂલમાં પ્રથમ કમે આવી બધાને ગર્વની લાગણી આપી છે.

ધારાસભ્ય ગ્યાસુદ્દીન શેખ અને શાળાએ અનિશાબાનુનું સન્માન કર્યું અને શુભેચ્છા પાઠવી

સામગ્રી

૫૦૦ ગ્રામ ચીકન
૧૦૦ ગ્રામ દૂધ
૨ ચમ્મચ દૂધની મલાય. (ક્રીમ)
૧૫૦ ગ્રામ દહીં
૫૦ ગ્રામ કોથમીર
૮-૧૦ લીલી મીર્ચ
૫૦ ગ્રામ અદરક
૫૦ ગ્રામ લસણ
૧ લીંબુ
૧ ચમ્મચ કાલી મીર્ચ પાઉડર
૨ ચમ્મચ જીરી પીઉડર
૧ ચમ્મચ ગરમ મસાલા પાઉડર
૧ ચમ્મચ ચાટ મસાલા
૨ ચમ્મચ કસ્તુરી મેથી
૨ મીડીયમ સાઈઝ પ્યાઝ
નમક સ્વાદઅનુસાર
તેલ
૧ કોલસો.

બનાવવાની રીત

સૌ પ્રથમ ચીકન ધોયને જરવા મૂકો. ત્યાર બાદ મીક્ષર મશીનમાં અદરક લસણ લીલી મીર્ચ કોથમીર પ્યાઝ આ બધી વસ્તુને મીક્ષર માં પીસીલો. ત્યાર બાદ એક બાઉલમાં દૂધ, દહીં, દૂધની મલાય (ક્રીમ) બધી વસ્તુ ફિલટર કરો ત્યારબાદ કસ્તુરી મેથી ને સેકીને ભૂકો કરો.

ત્યારબાદ એક મોટા બાઉલમાં ચીકન નાખી તેની અંદર ફિલટર કરેલી વસ્તુ નાખી તેની અંદર મિકસર મશીન થી મિકસ કરેલી વસ્તુ નાખો તેની અંદર કસ્તુરી મેથી નો ભુકો, જીરા પાવડર, ગરમ મસાલા પાવડર, કાલી મીર્ચ, નમક પાવડર, ચાટ મસાલો, લીંબુ નાખી કરીને ચાર-પાંચ કલાક મૂકી દો. ત્યારબાદ એક ફાયપેન લો તેમાં થોડું તેલ લઈને તેમાં ચિકનની એક એક કરીને તેની બોટી નાખો પછી તેને ડ્રાક ફાય કરો. પછી ફાય કર્યા બાદ તેની અંદર મિક્ષ કરેલો મસાલો જે મિક્સ કરેલું છે તેને ચિકનમાં નાખો. પછી પકવા દો પાંચથી સાત મિનિટ સુધી પછી તેમાં કોલસાની ઘૂની આપો પછી તેને ગરમા ગરમ રોટી, પરાઠા અથવા કુલચાની સાથે સર્વ કરો.

સામગ્રી

૫૦૦ ગ્રામ મેદો
૨ ઈંડા
૪ ચમ્મચ તેલ
૨ ચમ્મચ પીસેલી સક્કર
૧ ચમ્મચ બેકીંગ સોડા
૧ ચમ્મચ જાફરાન
૧ ચમ્મચ ઈલાયચી
૧ ચમ્મચ નમક
૨ ચમ્મચ કસ્તૂરી મેથી
જરૂરીયાત મૂજબ પાણી
શુધ્ધ ઘી

બનાવવાની રીત

સૌ પ્રથમ એક મોટો બાઉલ લો. તેની અંદર મેદો, ઈંડા, તેલ, પીસેલી સક્કર, બેકીંગ સોડા, જાફરાન, ઈલાયચી, નમક, કસ્તુરી મેથી નાંખી એક સરખું મિકસ કરો ત્યાર બાદ તેનું લોટ બનાવો. જરૂરીયાત મુજબ પાણી નાંખી એક સરખું લોટ બનાવી ૩ થી ૪ કલાક ઢાંકીને મૂકી દો ત્યારબાદ ગેસ પર તવો અથવા ફાય પેન મૂકો ત્યારબાદ એક સરખુ લોટ કરો પછી તેના નાના લોયા બનાવો ગોળ ગોળ પછી તેને બટો (રોટી બનાવો) પછી તેને એક સાઈટ ઉપર પાણીનો હાથ ફેરવો (પાણી લગાવો) પછી પાણી વાળો ભાગ તવા પર મૂકો ત્યારબાદ શેકો પછી તવાને ઉંધો કરી શેકો પછી તવા પરથી કુલચા રોટી ઉતારો પછી તેની ઉપર શુધ્ધ ઘી લગાવો.

આ રીતે ગરમા ગરમ કુલચા રોટી સર્વ કરો.

Home Style
Khatti Meethi Tasty

HAMD
FOOD PRODUCT

RATE
₹250/-
1 kg

ખજૂર ચટણી

Ready To Eat

BOOK YOUR ORDER NOW | M: 9898316294

Nez Boutique

Tailoring

Designing Your Dreams.!

All Types of
Ladies Fashionable Dress Tailoring

Contact: 9714028843

છીપા વેલ્ફેર
ઓર્ગેનાઈઝેશન

Chhipa Welfare Girl's High School

CHHIPA WELFARE ORGANIZATION

જનાબ. યાકુબભાઈ એ. હઠીસીગવાલા
પ્રમુખ

જનાબ. યાકુબભાઈ એ. માખી
સેક્રેટરી

Contact M: +91-9725764373

ADD: Tajpur Navi Masjid, Jamalpur, Ahmedabad-380001

Mo.: 99744 44559 (Wasim)
Mo.: 98250 39556 (Irfan)

Black Apple

Complete Mobile Hub

PHONE SKINS | LAMINATION | GADGETS | ACCESSORIES | INSTANT REPAIRING

iPhone | SAMSUNG | vivo Smart Phone | oppo SMARTPHONES | mi | ONEPLUS | honor | NOKIA Connecting People | realme | MOTOROLA

Shop 13, Royal Tower, Near Chhipa Community Hall, Gollimda, Astodia Road, Ahmedabad-380001

RNI Registration No. GUJGUJ/2016/72090 Registered under Postal Registation No. AHD-C/102/2019-2022 Valid up to Dt. 31/12/2022 issued by the SSPO's, Ahmedabad City Division. Published on 1st Date of Every month and Permitted to post at Ahmedabad PSO on 5th Date of Every Month.



Rishta® Matrimonial

First step towards your Dream Match

Franchises available for all cities

11 WORKING SINCE Years

200+ Success Stories

3500+ Profiles

Our Services:

1. We Are Only One Real Matrimonial Site For Muslims.
2. Our Members Can View Contact Details On Profiles.
3. Totally Paperless. Interest Express, Accepts And Decline.
4. Live Chat With Bureau.
5. Online Payment Gateway.
6. Giving Some Benefits To Free Members Too.
7. Highest Security Of Profiles.
8. Customize Filters To Our Members.
9. Verify Emails And Mobile Numbers Through Otp.

Visit Our Website For Live Demo

Mohammed Zakir G. Shaikh
Founder of
Rishta Muslim Matrimonial

www.rishtaforyou.com

Email: support@rishtaforyou.com

Call Us: +91 9375007734 / 9426669894

Address : 3, 3rd Floor, Swastik Super Market, Above R. Kumar Opticians.
Opposite Popular House, Ashram Road, Ahmedabad - 380009

(Gujarati Monthly Magazine)

ટુડેઝ ફેક્ટ સમાચાર

TODAYS FACT SAMACHAR

WhatsApp CORNER

Special Category Page in Magazine

આપણા સમાજ-ધર્મ કે સંસ્થા અથવા તો આસપાસ બનતી નાની મોટી ઘટનાઓ, પ્રસંગો, ક્લબ, જન્મદિન મુબારક, સાલગીરાહ, જોક્સ, શાયરી, લેખ, કવિતા, પ્રસિદ્ધિ, મેગેઝીનમાં તમારા નામ સાથે છપાવવા માટે નીચે જણાવેલ મેલ આઈડી પર મોકલી આપો.

tfsnews01@gmail.com

rðLkk{ÕÞ ! «rMkØ Úkkð !

Download App From Google Play Store

web: www.todaysfact.in

Join Us on Todays Fact Samachar